||ॐ શ્રી સાઈરામ ||

|| ॐ શ્રી સાઈ આર્તત્રાણ પરાયણાય નમઃ || (૩ ૮)

દુઃખી, પીડિત જનોનું પરમોચ્ચ આશ્રયસ્થાન હોવાવાળા

શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાને ગીતામાં ભક્તોના જે ચાર પ્રકારનું વર્ણન કર્યું છે, તે છે આર્ત, અર્થાથી, જિજ્ઞાસુ અને જ્ઞાની. તેમાંના પ્રથમ પ્રકારનો ભક્ત એટલે આર્ત, દુઃખી, પીડિત એવા લોકોનું ધ્યાન રાખી તેમને સદ્ગતિ તરફ વાળવાનું કાર્યું અવતાર કરતા હોય છે.

ભગવાન શ્રી સત્યસાઈબાબાએ વર્તમાન (સાંપ્રત) નો અવતાર હોવાથી તે આર્ત જનોનું પ્રમુખ આશ્રયસ્થાન બની રહ્યા છે.

સ્વામીના એક પરમભક્ત શ્રી. પાંડુરંગ દીક્ષિતના ભત્રીજા શ્રી. સુરેશ દીક્ષિતની આ એક કથા.

શ્રી. સુરેશ દીક્ષિતને યુવાન વયમાં જ પગનો કેન્સર-સારાકોમા થયો તેમના બાળકો નાના હતા અને કુટુંબમાં તે એકલા જ કમાતા હતા. સંપૂર્ણ ઘર ઉપર શોક છવાઈ ગયો. સુરેશ દીક્ષિતના પિતા હયાત ન હોવાથી શ્રી. પાંડુરંગ દીક્ષિત જ એક વડીલ વ્યક્તિ હતા. તેમને આ બાતમી (ખબર) મળતા તેમણે તે બદલ ડૉક્ટરને પૂછ્યું. ત્યારે ડૉક્ટર બોલ્યા - "આ બીમારીમાં થોડા વખત પછી દર્દીનો પગ કાપવો પડે છે. ત્યાર પછી છ મહિનાથી એક વર્ષની અંદર જ દર્દીનું મૃત્યુ થઈ શકે છે.' તે વખતે શ્રી. સુરેશ દવાખાના (હોસ્પિટલ) માં દાખલ હતા અને તેમના પર કેમોથેરપી ચાલુ હતી.

સ્વામીએ તે જ વખતે મુંબઈને મુલાકાત રૂપી ભેટ આપી. (સ્વામી તે જ વખતે મુંબઈ આવ્યા) શ્રી. પાંડુરંગ દીક્ષિતના મનમાં વિચાર આવ્યો કે, 'સુરેશને ધર્મક્ષેત્ર લઈ જવામાં આવે તો?' તે સુરેશને હોસ્પિટલમાંથી ધર્મક્ષેત્ર લઈ ગયા.

તે પોતે સાઈ સમિતિના જિલ્લાધ્યક્ષ (જિલ્લા અધ્યક્ષ) હોવાથી, મિટિંગ માટે નીકળી ગયા. જતી વખતે તેમણે શ્રીકાંત સાવંત નામના ભક્તને સુરેશ અને તેમના સસરા ડૉ. ધારકરની પાસે બેસાડ્યા અને સ્વામી આવ્યા પછી બન્નેની ઓળખાણ કરી આપવાનું કહ્યું.

આર્ત ભક્તોનું આશ્રયસ્થાન હોવાવાળા સ્વામી દર્શન આપવા માટે સત્યદીપમાંથી બહાર આવ્યા અને સીધા શ્રી. સુરેશ પાસે ગયા. સંપૂર્ણ વિશ્વના રહસ્ય જાણવાવાળા સ્વામીને ઓળખાણની ક્યાં ગરજ હતી? સુરેશને કાંઈ જ ન પૂછતા સ્વામી બોલ્યા-"Cancel the Cancer." “ આજ સે તેરા નયા જીવન શુરૂ હો ગયા નયા બર્થ ડે!” એમ કહીને તેમણે વિભૂતિ પ્રગટ કરીને સુરેશને ખાવા માટે આપી અને તે આગળ નીકળી ગયા. આ દોડધામ (ગરબડ) માં સ્વામીને નમસ્કાર કરવાનું સુરેશ ભૂલી ગયા હતા. તેમના મનમાં આ વાત કચવાતી રહી. પરંતુ, સ્વામી ફરીથી તેમની પાસે આવ્યા. તેમણે કફની થોડીક ઉપર કરી અને પાદ નમસ્કાર લેવાની આજ્ઞા કરી.

ત્યાર પછી શ્રી. સુરેશની તબિયત ઝડપથી પૂર્વવત્ (પહેલા જેવી) થઈ ગઈ. બધા રિપોર્ટસ સારા આવ્યા અને તેમનું બાકીનું આયુષ્ય સ્વામીની કૃપાથી સુખમય થયું. આ તો કેવળ એક પ્રતિનિધિક ઉદાહરણ થયું. એવા અનેક જ્ઞાત અજ્ઞાત ભક્તો હશે કે જેમને આશ્રય આપીને સ્વામીએ તેમના દુ: ખ દૂર કર્યા છે.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||